# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા)

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૭/૧૨/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ચેમ્બર દ્વારા આયોજિત 'સ્પાર્કલ પ્રદર્શન'ની મુલાકાત લીધી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઇન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઇન્સ, અઠવા, સુરત ખાતે યોજાયેલા 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ જેમ્સ એન્ડ જ્વેલરી પ્રદર્શન– ૨૦૨૨'ની આજરોજ ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ 'સ્પાર્કલ' પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેમણે સ્પાર્કલમાં ભાગ લેનારા દરેક જ્વેલર્સના સ્ટોલની વિઝીટ કરી પ્રદર્શનમાં મુકાયેલી અવનવી જ્વેલરી નિહાળી હતી. તેમણે સ્ટોલ વિઝિટ દરમિયાન વન ટુ વન દરેક જ્વેલર્સની સાથે સંવાદ કર્યો હતો.

તેમણે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સ્પાર્કલ પ્રદર્શન માટે સ્પેશિયલ પ્રકાશિત કરાયેલી સમૃદ્ધિ મેગેઝિનનું પણ વિમોચન કર્યું હતું. અંતે તેમણે 'સ્પાર્કલ'ની સફળતા માટે ચેમ્બર ઓફ કોમર્સ તથા તમામ જ્વેલર્સને શુભેચ્છા આપી હતી.